## ગાંધીનગરના યુવાનો દ્વારા

# "કેફે હનુમાન ચાલીસા"નું ભવ્ય આયોજન

### શહેરમાં વિવિધ જાહેર સ્થળો પર આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે જેમાં સેંકડોની સંખ્યામાં યુવાધન જોડાઈ રહ્યું છે

ગાંધીનગર.તા.૦૪

ગાંધીનગરમાં યુવાનો દ્વારા શરૂ કરવામાં આવેલા "કેફે હનુમાન ચાલીસા" ગાંધીનગરમાં જ નહીં આખા ગુજરાતમાં સૌ પ્રથમવાર થયેલું એક અનોખું આયોજન છે, જે આજ સુધી કોઈએ જોયું નથી, ના કોઈએ કર્યું છે. જેની શરૂઆત ૬ એપ્રિલ ૨૦૨૩ "હનુમાન જયંતિ" ના શુભ દિવસે રામજી મંદિર, કુડાસણથી કરવામાં આવી હતી. ત્યાર બાદ સતત નવ અઠવાડિયાથી ગાંધીનગરના અલગ અલગ કેફેમાં, જાહેર સ્થળ પર કે કોઈ શોપની બહાર અવિરત ચાલતી આવે છે, મોટી સંખ્યામાં યુવા વર્ગ જોડાય છે અને હનુમાન ચાલીસા ઉપરાંત, દુહા-છંદ, સપાખરું અને શૌર્ય ગીતોની રમઝટ પણ માણે છે. આ આયોજન કેવી રીતે થયું તેની પાછળ પણ એક સુંદર કહાની છે.

આ ટીમના જ એક સભ્ય નીરવ પટેલ "શ્યામ" એક કેફેમાં બેઠા હતા, આ કેફેમાં ફિલ્મી ગીતોનો એક કાર્યક્રમ ચાલી રહ્યો હતો જેમાં યુવાધન હિલોળે ચઢ્યું હતું. આ જોઈને એમને વિચાર આવ્યો કે કેફેમાં હનુમાન ચાલીસા થાય તો કેવું સારું? પરંતુ તે મૂળ ગાંધીનગરના નહિ હોવાના કારણે અને તેમની પાસે કોઈ ટીમ ન હોવાના કારણે આ વિચારને તેમને "અવર ગાંધીનગર" **@ourgandhinagarofficial** ઈન્સ્ટાગ્રામ પેજ ના મેસેન્જરમા વ્યક્ત કર્યો અને આ સાથે જ "અવર ગાંધીનગર" ના ફાઉન્ડર એ આ કાર્યમાં ઉત્સાહ બતાવ્યો અને એ જ દિવસે નીરવભાઈને એક જગ્યાએ મળવા માટે બોલાવ્યા, એ રાત્રી પણ શનિવારની જ હતી. રાત્રે ૧૨-૧ વાગ્યા સુધી ચર્ચા ચાલી. "અવર ગાંધીનગર" ના ફાઉન્ડર એ ટીમ તૈયાર કરવાનું બીડું ઝડપ્યું અને બીજા જ દિવસે ગાંધીનગરના કેટલાક યુવાનોને ભેગા કરી નીરવભાઈને બોલાવી ચર્ચા કરી, થોડા જ દિવસમાં હનુમાન જયંતી આવતી હોવાના કારણે એ જ દિવસે રામજી મંદિરમાં યુવાનોએ ભેગા મળીને હનુમાન ચાલીસા કરી.

જેના બીજા શનિવારથી "ધ બ્લેક બર્ડ કેફે" સરગાસણ માં એક ભવ્ય આયોજન થયું, જેમાં રામસખા મંડળ પણ સંગીત વાદ્ય સાથે એવી રમઝટ જમાવી કે ત્યાં ઉપસ્થિત યુવાનો પણ ભક્તિના રંગમાં રંગાઈ ગયા. સાથે જ સિદ્ધ ચારણ (ગઢવી) જે એક યુવા ડાયરા કલાકાર છે એ પણ આ ટીમ સાથે જોડાયા અને દુહા છંદની રમઝટ જમાવી હતી.

પછીના શનિવારના રોજથી ટી લોજી - રિલાયન્સ ચોકડી, લાલસોટ પાન પાર્લર- સરગાસન ચોકડી, ચાઈ S - PDPU, લક્ષ્મી બેકરી - કુડાસણ, ધ બિન રૂમ, ગાંધી સોડા, સરસ્વતી શિશુ મંદિર મળીને કુલ નવ જગ્યાએ હનુમાન ચાલીસા, રામધૂન, દુહા છંદની રમઝટ જામી, જે હજુ પણ દર શનિવારના રોજ ચાલતી રહેશે.

અત્યાર સુધી આ કાર્યમાં કેટલાય યુવાનો જોડાઈ ચુક્યા છે, જ્યાં કાર્યક્રમ થતો હોય છે ત્યાંની આસપાસ ઊભેલું યુવાધન પણ પોતાની ઈચ્છાથી જ આ કાર્યક્રમમાં જોડાઈ જાય છે. ફક્ત યુવાનો અને યુવતીઓ જ નહીં વડીલો અને બાળકો પણ બે હાથ જોડીને પ્રભુભક્તિમાં લિન થઈ જાય છે, તાળી પાડીને રામધૂન બોલવા લાગે છે.

આ કાર્યક્રમ થતો હોય છે ત્યારે ઘણા લોકો પોતાના મોબાઈલમાં વીડિયો બનાવતા હોય છે અને સોશિયલ મીડિયામાં શેર પણ કરતા હોય છે, જેને હજારો લોકો જુએ છે, એમાંથી પ્રેરણા લે છે અને પોતાના ગામ શહેરમાં પણ હનુમાન ચાલીસાનું આયોજન કરે છે. આ પહેલ બાદ ઘણાં યુવાનો ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત હનુમાન ચાલીસાથી કરે છે, તો કોઈ ગાર્ડનમાં ગ્રૂપ સાથે બેસીને પણ હવે હનુમાન ચાલીસા કરવા લાગ્યા છે.

આજ બાબતો બતાવે છે કે આ ટીમે કંઈક અનોખું કર્યું છે, યુવાનોમાં હનુમાન ચાલીસા અને આપણી સંસ્કૃતિ પ્રત્યે જાગૃતતા આવી રહી છે. હજુ પણ આવનારા સમયમાં આ કાર્યની અસર ગુજરાતના દરેક ગામ, દરેક શહેરમાં થાય એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

કેફે હનુમાન ચાલીસા શરૂ કરવા પાછળનો ઉદ્દેશ યુવાધનને ભક્તિના રંગમાં રંગવાનું છે. આજનું યુવાધન મંદિરમાં બહુ ઓછું જાય છે અને રાત્રે કેફેમાં વધારે જોવા મળે. જેના કારણે આ ટીમ એ નક્કી કર્યું કે અમે જ યુવાનો પાસે કેફેમાં જઈશું અને તેમને ભક્તિના રંગમાં રંગીશું, કેફેમાં હિન્દી, અંગ્રેજી ગીતો પર લાઈવ મ્યુઝિક, ડાન્સ જેવા પ્રોગ્રામ થતા જ હોય છે, પરંતુ હનુમાન ચાલીસા જેવા કાર્યક્રમ થવા એ એમના માટે પણ નવું હતું અને અત્યાર સુધીના તમામ કાર્યક્રમોમાં યુવાનોએ આ કાર્યને આવકાર્યું અને અમારી સાથે જોડાયા પણ છે.







આ "કેફે હનુમાન ચાલીસા" મોર્ડન છે, જેમાં કપડાં, ચપ્પલનો પણ કોઈ બાધ નથી, સાથે જ ટીમ દ્વારા ટેબલ કે ખુરશી પર બેસીને જ સંગીતના વાદ્યો સાથે રમઝટ બોલાવવામાં આવે છે, જેના કારણે યુવાનોને પણ કંઈક નવું અને તેમને ગમતું જોવા મળતા અમારી સાથે જોડાઈ જાય છે અને ભક્તિના રંગમાં રંગાઈ જાય છે !

શનિવારના રોજ થનારા આ કાર્યક્રમના સ્થળ વિશેની જાહેરાત "અવર ગાંધીનગર" ના ઈન્સ્ટાગ્રામ પેજ દ્વારા કરવામાં આવે છે, જેના દ્વારા યુવાનો એ સ્થળ પર શનિવારના રોજ હાજર રહે અને હનુમાન ચાલીસામાં સહભાગી બને.

# સેક્ટર-૧૨માં યોગ પ્રોટોકોલ અંતર્ગત યોગ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૦૪

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સેક્ટર - ૧૨માં બગીચા ખાતે કોમન યોગ પ્રોટોકોલની એક દિવસની શિબિર યોગ ટીચર રમણભાઈ પરમાર તેમજ યોગ ટ્રેનર જશવંતભાઈ ઓઝા દ્વારા યોજવામાં આવી હતી જેમાં કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ હાજર રહ્યાં હતા. આ શિબિરમાં યોગ કોચ યોગેશભાઈ જનસારી, આશાબેન મહેતા તેમજ મનપા વિસ્તારના યોગ કોર્ડીનેટર ભાવનાબેન જોષી સહિત સે.૧૨ની યોગ ટીમના સર્વે મિત્રો, સેકટર-૧૪ની મહિલા યોગ ટીમ, યોગ બોર્ડના ટ્રેનર્સ સચિનભાઈ, નીલાબેન, પેથાપુર ટીમના સભ્યો તથા સર્વે સાધક મિત્રોએ ભાગ લીધો હતો. શિબિરના સમાપને અલ્પાહાર સાથે પૂર્ણાહુતી કરાઈ હતી.



સેક્ટર-૨૪માં ડબલડેકરના બ્લોક નંબર ૩૨૩ થી ૩૨૮ અને ૪૦૯ થી ૪૦૬ તથા ૪૨૫ થી ૪૩૦ના રહીશો છેલ્લા ૨ વર્ષથી ઉભરાતી ગટરના ત્રાસથી હેરાન પરેશાન થઈ ગયા છે. રહિશો દ્વારા ફરિયાદ કર્યા બાદ પણ તંત્ર જાગતુ ન હોવાની ફરિયાદ ઉઠી રહી છે. મશીન વડે ગટરની સફાઈ કરાવવામાં આવે છે. પરંતુ ગટરો બે-ત્રણ દિવસમાં ફરીથી ઉભરાવવા લાગે છે. તેથી આ બાબતે કાયમી ઉકેલ લાવવાની માંગ ઉઠી છે.

# સરકારી ભવનોમાં સૌરઊર્જાના ઉપયોગ થકી અશ્મિભૂત ઈંધણ-પર્યાવરણની બચત

### સમગ્ર રાજ્યની વિવિધ સરકારી કચેરીઓમાં અત્યાર સુધીમાં ૨, ૩૩૭ સોલાર સિસ્ટમ સ્થાપિત કરાઈ

ગાંધીનગર,તા.૦૪

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૮-૦૯માં 'ગ્રીન ગુજરાત'ની નેમ થકી રાજ્યના સરકારી ભવનોમાં સૌરઊર્જાનો ઉપયોગ કરી પર્યાવરણ બચાવવાની પહેલ કરી હતી. સરકારી ભવનોમાં દિવસ દરમિયાન સૌથી વધુ ઊર્જાનો ઉપયોગ થાય છે. આથી રાજ્ય સરકારે કચેરીઓની છત પર સૌર પેનલ લગાવી વીજ પેદા કરી પરંપરાગત અશ્મિભૂત ઈંધણના વપરાશ પરનું ભારણ ઘટાડ્યું છે, જે પર્યાવરણ બચાવવામાં ખૂબ મદદરૂપ સાબિત થયું છે.

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં વિવિધ સરકારી કચેરીઓની છત પર માર્ચ, ૨૦૨૩ અંતિત સુધીમાં ૨,૩૩૭ સૌર ઊર્જા પ્રણાલીઓ સ્થાપિત કરીને ૪૭,૫૯૬ કિલોવૉટ ઊર્જા પેદા કરવામાં આવી છે. જેના થકી સંબંધિત કચેરીને સૌર ઉર્જા નીતિ-૨૦૨૧ મુજબ નેટ મીટરિંગ લાભને કારણે વીજ બિલમાં ઘટાડો થાય છે.

તેમજ પરંપરાગત અશ્મિભૂત ઈંધણના ઉપયોગમાં ઘટાડો થતાં વાયુ પ્રદૂષણ પણ ઘટે છે. આ કચેરીઓમાં કલેક્ટર કચેરીઓ, પ્રાંત કચેરીઓ, આઈ.ટી.આઈ, સરકારી કોલેજો અને શાળાઓ, આર.ટી.ઓ., પોલીસ સ્ટેશન, ટ્રેઝરી કચેરીઓ, જિલ્લા અદાલતો, સીએચસી, પીએચસી, સરકારી હોસ્પિટલો વગેરેનો સમાવેશ થાય છે.



સે. ૨૭ ગાયત્રીનગરમાં વરસાદી ઝાપટું પડવાથી કાદવ કીચડના દશ્યો સર્જાયા છે. રહિશો માટે આ કાદવ કીચડમાંથી પસાર થવું મુશ્કેલીભર્યુ બન્યું છે. હજી તો ચોમાસામાં કેવી પરિસ્થિતિ સર્જાશે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

# લાયન્સ ક્લબ સોસાયટી મોડાસા દ્વારા અરૂણભાઈ બુચનું સન્માન

ગાંધીનગર, તા. ૪

લાયન્સ ક્લબ સોસાયટી, મોડાસા સંચાલિત વા.હી. ગાંધી બહેરા મૂંગા શાળા-લાયન્સ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રમાં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળકો માટે સતત પાંત્રીસ વર્ષથી અવિરતપણે સેવા આપતા અરૂણભાઈ બુચનું મોમેન્ટો તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

શિયાળામાં સ્વેટર, ટોપી, મોંજા તથા ઉનાળામાં પગરખાંની મળેલ અવિરત સેવાઓની નોંધ લેતાં મોડાસાની સંસ્થાનાં પ્રમુખ ડૉ. ટી.બી. પટેલ, માનદ મંત્રી મનુભાઈ વી. પટેલ તથા ભાવેશભાઈ બી. જયસ્વાલ દ્વારા અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવી હતી.

૨૦૦ ઉપરાંતનાં બાળકોને પ્રતિ વર્ષ અરૂણભાઈ બુચ દ્વારા અપાતી વિશિષ્ટ સેવાઓ બદલ સંસ્થાનાં પ્રતિનિધિ ભરતભાઈ પ્રજાપતિએ આ મોમેન્ટો અર્પણ કરેલ. આ પ્રસંગે બરોડા ગુજરાત ગ્રામીણ બેન્કનાં મેનેજર પ્રદીપ સોલંકી અને કર્મશીલ ભાનુભાઈ દવે ઉપસ્થિત રહ્યાં હતાં.

### મૃદંગ મેનેજમેન્ટ અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા

# ગિફ્ટસિટી ખાતે સર્જનાત્મક લેખન શિબિરનું આયોજન કરવામાં આવ્યું



ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીનાં આર્થિક સહયોગથી મૃદંગ મેનેજમેન્ટ દ્વારા ગિફ્ટસિટી, ગાંધીનગર ખાતે નવા આકાર પામી રહેલ સાંસ્કૃતિક અને શૈક્ષણિક કોમ્યુનિટી સેન્ટર ખાતે આખા દિવસનાં સર્જનાત્મક લેખન શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી આવેલ ૬૦થી વધારે શિબિરાર્થીઓએ ભાગ લીધેલ.

ગુજરાત સાહિત્ય અકાદમીનાં અધ્યક્ષશ્રી ભાગ્યેશભાઈ જહાનાં મુખ્ય અતિથિપદે અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ શ્રી રમેશભાઈ ઠક્કર અને શિબિરના તજજ્ઞો શ્રી હરિન ઠાકર, અંકિત જોષીપુરા, ધ્વનિલ પારેખ અને જીગર રાણાનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી આ શિબિરની શરૂઆત કરવામાં આવેલ. નાટક, ફિલ્મ અને ટીવી ક્ષેત્રે લેખન કાર્ય જેવા મૂળ વિષય પર આ શિબિરના આયોજન બદલ શ્રી ભાગ્યેશભાઈ જહાએ સંસ્થાને ખાસ અભિનંદન પાઠવી, ગિફ્ટસિટી ખાતે આવા પ્રકારના સાહિત્યિક કાર્યક્રમોની શરૂઆતને ગિફ્ટસિટીને મળેલ ગિફ્ટ તરીકે ઓળખાવી હતી. તો શ્રી રમેશ ઠક્કરે આ સમગ્ર આયોજનમાં ગાંધીનગર સાહિત્ય સભા પણ સહભાગી બની તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો તેમજ સૌને આવકાર્યા હતા.

# સે.૨૧ના જીમખાનામાં સ્વિમિંગ પુલમાં પાણી દૂષિત હોવાની રાવ ઉઠી

### સ્વિમિંગ પુલના તળિયે કચરો હોવાની ફરિયાદો : સ્વિમિંગ કરવા જતાં સભ્યોના સ્વાસ્થ્ય સામે જોખમ : શાવર રૂમમાં ૧૫ પૈકી માત્ર ૩ જ શાવર ચાલુ

ગાંધીનગર, તા. ૦૪

પાટનગરમાં વિવિધ સ્પોર્ટ્સ પ્રત્યે રુચિ ધરાવતાં નાગરિકો મોટી સંખ્યામાં જોવા મળે છે જેમાં સ્વિમિંગ એ શહેરમાં સારી એવી લોકપ્રિયતા ધરાવે છે. વળી, ઉનાળાની કાળઝાળ ગરમી અને અકળાવનારા બફારાની સીઝનમાં સ્વિમિંગ પ્રત્યે ઝોક વધી જાય છે. ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના જીમખાનામાં આ દિવસોમાં શહેરના નાગરિકો મોટી સંખ્યામાં સ્વિમિંગ કરવા આવે છે તેમાં મોટા સરકારી અધિકારીઓનો પણ સમાવેશ થાય છે.જોકે જીમખાનામાં સ્વિમિંગ પુલમાં સ્વિમિંગ કરનારને ચામડીના રોગ થઈ શકે તેવી શક્યતા પેદા થઈ જાય તેટલી હદે સ્વિમિંગ પુલનું પાણી દૂષિત હોય છે તેવી ફરિયાદો ઉઠવા પામી છે. આ ઉપરાંત શાવર રૂમમાં ૧૫ પૈકી માત્ર ૩ જ શાવર ચાલુ છે અને બાકીના ૧૨ શાવરમાં તો તેના નોબ જ ગાયબ છે. શહેરના એક તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા જાગૃત નાગરિક જ્યારે સેક્ટર-૨૧ના જીમખાનામાં સ્વિમિંગ કરવા ગયાં ત્યારે તેમણે માત્ર એક જ રાઉન્ડ લીધો અને તેઓ સ્વિમિંગ પુલની સ્થિતિ જોઈને ડઘાઈ ગયાં હતા કેમકે સ્વિમિંગ પુલમાં પાણી દૂષિત હોવા સાથે પુલના તળીયે એટલો કચરો હતો કે ફ્લોર પણ સ્પષ્ટ દેખાતો નહોતો, જેમાં કેટલોક કચરો તો જામી ગયેલો દેખાતો હતો. વળી, તેમણે પુલના તળીયે એક કપડું પણ પડેલું જોયું હતું, તેનો મતલબ સ્પષ્ટ હતો કે સ્વિમિંગ પુલની સફાઈ યોગ્ય રીતે કરવામાં આવી નથી. સ્વિમિંગ પુલનું પાણી દૂષિત હોવાને કારણે સ્વાસ્થ્ય પર જોખમ થઈ શકે તેવું જણાતાં તેઓ એક જ રાઉન્ડમાં પુલમાંથી બહાર આવી ગયાં હતા અને શાવર લેવા ગયાં હતાં. શાવર રૂમમાં પણ સ્થિતિ જોઈને તેઓ ભારે નિરાશ થયાં હતા કેમકે શાવર રૂમમાં કુલ ૧૫ શાવરની સુવિધા છે પરંતુ આ ૧૫ શાવર પૈકી માત્ર ૩ જ શાવર ચાલુ હતાં અને બાકીન ૧૨ શાવરમાં તો તેને ચાલુ-બંધ કરવા માટેના નોબ જ ગાયબ છે. સે.૨૧ જીમખાનામાં જ્યાં સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ સ્વિમિંગ કરવા આવે છે ત્યાં આ સ્થિતિ જોઈને તેમને ભારે આશ્ચર્ય થવા પામ્યું હતું. તેમના મતે સત્વરે સ્વિમિંગ પુલને ખાલી કરીને પહેલાં તેની યોગ્ય રીતે સફાઈ કરવી જોઈએ અને અત્યારની સ્થિતિ માટે જવાબદાર વ્યક્તિઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઈએ કેમકે આ સ્થિતિ સ્વિમિંગ પુલનો ઉપયોગ કરતાં સભ્યો સહિતના નાગરિકોના સ્વાસ્થ્ય માટે જોખમી છે. વળી, શાવરરૂમમાંપણ તાત્કાલિક ધોરણે બંધ શાવરોનું મરામત કાર્ય હાથ ધરવું જોઈએ જેથી સભ્યોને શાવર લેવા વેઈટીંગમાં રાહ જોઈને તેમનો કિંમતી સમય બગડે નહીં.



ગાંધીનગરના ઝૂંડાલ ખાતે ટ્યુબવેલનું ૧૬.૮૦ લાખના ખર્ચે તેમજ ઝૂંડાલ સ્મશાનના નવીનીકરણ કામગીરીનું રૂ. ૧.૩૮ કરોડના ખર્ચે અને ખોરજ ખાતે રૂ. ૨.૯૨ કરોડના ખર્ચે સ્મશાન નવીનીકરણ કામગીરીનું ખાતમુહૂર્ત મેયર હિતેશભાઈ મકવાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે મેયરે જણાવ્યું હતું કે આ વિકાસલક્ષી કાર્યોથી લોકોને પીવાના પાણીની તેમજ વિવિધ સુવિધાઓમાં વધારો થશે. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, શહેર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, કાઉન્સિલર, વોર્ડ પ્રમુખ, મહામંત્રી, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.